ગાંધીનગર સમાચાર

પેટ્રોલપંપમાંથી હવે પેટ્રોલ ચોરી...! : ત્રણની ધરપકડ : સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

## @ગાંધીનગર

● કોબા સ્થિત હજરત કાદરી શાવલી દરગાહ શરીફનો ઉર્સ મુબારક સોમવારના રોજ યોજાશે. આ પ્રસંગે ભાઈચારાના સંદેશ સાથે ગામમાંથી જુલુસ નીકળશે ત્યારબાદ સંદલ મુબારક તેમજ ચાદર પેશ કરવામાં આવશે.

● ઈન્ડીયન આર્મી દ્વારા સવારે ૯ કલાકે મીલેટ્રી સ્ટેશન ગાંધીનગર ખાતે સાઉથન સ્ટોર ઈન્ફો એન્ડ યુથ એવેરનેશ સિમ્પોજીયમનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# પાટનગરમાં ઉજવાયો જગદંબાનો પ્રાગટયોત્સવ







ગાંધીનગર, તા.૨૪

જગત જનની મા ભગવતી જગદંબાના પ્રાગટય દિન નિમિતે આજે શહેરના જય અંબે પરિવાર સેકટર-૧૩ બી શકિત ચોક ખાતે શતક ભોગ અન્નકૂટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. માતાજીને સવારે ૯ કલાકે ૧૫૧ વાનગીનો અન્નકૂટ ભકતો દ્વારા ધરાવાયો હતો. અન્નકૂટ મહોત્સવમાં આયોજીત મહાઆરતીમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. ભકતોએ માતાજીનો જયઘોષ કરતા સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ૪૦ ભકતોએ રકતદાન કર્યું હતું.

ગાંધીનગર શહેરના જયઅંબે પરિવાર દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી માતાજીના પ્રાગટય દિવસની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પણ ભકતો દ્વારા માતાજીના પ્રાગટય દિન નિમિતે આજે શકિતચોક ખાતે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સેકટર-૧૩ શકિતચોક ખાતે સવારે મા જગદંબા નું પૂજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને સેક્રેટરી પ્રકાશ લાલાના હસ્તે દિપપ્રાગટય કરી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમજ માતાજીનો પ્રાગટય દિન હોવાથી ભકતો દ્વારા તૈયાર કરવામાં આવેલ શુધ્ધ શાકાહારી કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. જયઅંબે પરિવારની બહેનો દ્વારા ત્રણ દિવસની મહેનત દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ મીઠાઈઓ, ફરસાણ, શાકભાજી, અથાણા સહિતની ૧૫૧ નાવિન્ય વાનગીઓનો અન્નકૂટ ભકિતમય વાતાવરણમાં રથેશ્વરી માતાજીને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા મોટીસંખ્યામાં ભકતો હાજર રહીને અન્નકૂટ દર્શન તેમજ મહાઆરતીનો લાભ લીધો હતો. જયઅંબે પરિવાર દ્વારા અન્નકૂટ મહોત્સવમાં આવેલા તમામ ભકતોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને જુનિયર સિટીઝન કાઉન્સીલના સહયોગથી યોજાયેલ રકતદાન શિબિરમાં હાજર ભકતોએ ઉત્સાહ ભેર રકતદાન કરતા ૪૦ બોટલ રકત એકત્ર થયું હતું. આ ધાર્મિક પ્રસંગે ઉમદા પ્રવૃતિ દ્વારા અનેક લોકોના જીવનમાં પ્રાણ પુરવાની પ્રેરણા પરિવારના સભ્યોએ આપી છે. ત્યારબાદ બપોર પછીના સેશનમાં ભકિત વંદના, સમુહ સ્વાધ્યાય અને આનંદના ગરબાનું પઠન કરીને માતાજીને આરાધના કરવામાં આવી હતી. પરિવારના તેજસ્વી તારલાઓને દાતાઓના હસ્તે શિલ્ડ અને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યા હતા. સેકટર-૧૩ શકિતચોક ખાતે દિવસ દરમ્યાન વિવધ ધાર્મિક પ્રસંગોને લઈ ભકિતમય વાતાવરણ સર્જાયુ હતું. જયારે ભકતો દ્વારા માતાજીના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અન્નકૂટ મહોત્સવની જયઅંબે પરિવાર દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી જેમા મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. આ પ્રસંગે કોરપોરેટર પ્રવિણભાઈ પટેલ તેમજ સુરેશભાઈ મહેતા ખાસ હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● શનિ, રવિ અને મંગળવારે રજાઓના કારણે શહેરમાં મીની વેકેશનનો માહોલ સર્જાયો છે. સરકારી કચેરીઓ અને શાળાઓમાં આજે મોટા પ્રમાણમાં ગેરહાજરી રહેશે એવી ચર્ચાઓ ચૌરે અને ચૌટે ચાલી હતી.

● લગ્નની મોસમ શહેરમાં પૂરબહારમાં હોવાથી રવિવારે પણ કોબા-ગાંધીનગર અને અડાલજ-ગાંધીનગરના માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

● પ્રજાસત્તાક દિનની શાળા-કોલેજોમાં ઉજવણીના પગલે વિદ્યાર્થીઓમાં ડ્રેસ માટે દોડાદોડી જોવા મળી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## વીપીએમપી પોલીટેકનીક ખાતે મોટીવેશનલ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીક ખાતે ગત ૨૨મી જાન્યુઆરીના રોજ મોટીવેશનલ ટ્રેઈનર અને વ્યવસાયે ઉદ્યોગપતિ એવા જે.સી. પટેલ દ્વારા એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી અવસ્થામાં અત્યંત જરૂરી એવા મૂલ્યો જેવા કે મા-બાપ અને ગુરૂજનોનો આદર, આત્મ-વિશ્વાસનું મહત્વ, સકારાત્મક વિચારો કેવી રીતે કેળવવા તે અંગે ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રીમદ ભગવદગીતાના સૂત્રોને અત્યંત સરળ શૈલીમાં સમજાવતા જે.સી. પટેલે ઉદાહરણ જણાવ્યું હતું કે મનુષ્ય પોતે કેવો બનવા ચાહે છે તેનો બધો જ આધાર તેના મન અને વિચારો પર રહેલો છે. આ સાથે સાથે અજાગ્રત મનને ધ્યાન અને યોગ દ્વારા કેવી રીતે કેળવવું અને તેનો અભ્યાસમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની પણ સવિસ્તૃત અને વ્યવહારુ સમજ પ્રેકટીકલ દ્વારા આપવામાં આવી હતી. બીજા સેમેસ્ટરના ૬૦૦ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો દ્વારા આ સેમિનારનો રસાસ્વાદ માણવામાં આવ્યો હતો.

# પેટ્રોલપંપમાંથી હવે પેટ્રોલ ચોરી..!

**રાત્રે ચોર શખ્સો બાઈક લઈને ઘ-૨ના પેટ્રોલપંપમાં પહોંચી ગયાને સ્ટાફ સુતો હતો ત્યારે બાઈકમાં જાતે જ પેટ્રોલ ભરી લીધું : સિકયુરીટી ઈન્ચાર્જ જોઈ ગયો : ત્રણની ધરપકડ : સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ**







ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં હવે પેટ્રોલ ચોરી પણ શરૂ થઈ ગઈ છે. તે પણ એકલ દોકલ પાર્કીંગમાં પડેલા વાહનોમાંથી નહીં... પરંતુ સીધા પેટ્રોલપંપ પરથી...! ઘ-૨ પેટ્રોલપંપમાં ગઈ રાત્રે દોઢ વાગ્યે ચાર પેટ્રોલ ચોર ઘુસ્યા હતા. પેટ્રોલ પાઈપ લઈને જાતે જ પેટ્રોલ પુરી રહ્યા હતા ત્યારે સિકયુરીટી ઈન્ચાર્જ જોઈ ગયો હતો. એકને પકડીને પોલીસને સોંપ્યો અને ફરાર થઈ ગયેલા ત્રણની ધરપકડ કરી લીધી છે. ચાર આરોપીઓ પૈકી બે સગીર હોવાનું ધ્યાને આવ્યું છે. પેટ્રોલ પંપનો સ્ટાફ રાત્રે સુઈ ગયો હોય ત્યારે હાથ અજમાવવા પહોંચી ગયેલા ચારેય શખ્સો પેટ્રોલપંપના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. સે-૭ પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

## એમ.બી. પટેલ શાળા દ્વારા અંધશ્રધ્ધા નાબુદીનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

સેકટર-૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા તાજેતરમાં કડી કેમ્પસના શેઠ ખીમજી વિસરામજી એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાયો હતો. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલે રમુજ શૈલીમાં હાથમાંથી કંકુ પાડવું, શ્રીફળમાંથી ચુંદડી કાઢવી, મંત્રોચ્ચાર દ્વારા અગ્નિ પ્રગટાવવો, લીંબુ કાપી ભૂત ભગાડવું, નજર ઉતારવી સહિતની બાબતો અંગે પ્રેકટીકલ માર્ગદર્શન શાળાની ધો-૫ થી ૮ની વિદ્યાર્થીનીઓને આપ્યું હતું. જેમાં શાળાની ૯૭૭થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા નીરૂબેન પટેલ તેમજ શિક્ષકગણ હાજર રહ્યા હતાં.

## આર.જી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓનો ઝોન કક્ષાની રમત સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૬ અંતર્ગત ઝોનકક્ષાની વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ખોખો, વોલીબોલ, કબડ્ડી અને રસ્સાખેંચ સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ગત તા. ૨૧મીજાન્યુઆરીના રોજ યોજાયેલ ખેલમહાકુંભની ખો-ખો અને વોલીબોલની અંડર-૧૬ તેમજ એબોવ ૧૬ બહેનોની ટીમ વિજેતા બનીને જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ છે. આ ઉપરાંત ગત તા. ૨૨મી જાન્યુઆરીના રોજ કબડ્ડી અને રસ્સાખેંચની સ્પર્ધા યોજવામાં આવી હતી. રસ્સાખેંચમાં અંડર-૧૬ તથા એબોવ-૧૬ ટીમની બહનો વિજેતા બની હતી. જયારે કબડ્ડી સ્પર્ધામાં અંડર-૧૬ની બહેનો વિજેતા બની હતી. આ તમામ ખેલાડીઓને શાળા પરીવારે અભિનંદન પાઠવ્યા છે.

# મા-દિકરી કરતા પણ સવાયાં સાસુ-વહુ

**આધુનિક યુગની ગંગાસતી-પાનબાઈ જેવી સાસુ-વહુની જોડીને એકબીજા વગરની જીંદગી અધૂરી લાગે છે : ચૌદ વરસથી એકમેકનો પડછાયો બની જીવતા સાસુ-વહુના સંબંધને નવો આયામ આપી રહ્યા છે**



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૨૪

વાત જયારે સાસુ-વહુની આવે એટલે ટીવી સિરિયલોમાં એકબીજાની ટાંટિયાખેંચ કરતી અને મોટા અવાજે ઝઘડતી મહિલાઓ જ નજર સમક્ષ તરી આવે. અત્યારના યુગમાં આ સંબંધને કયારેય શ્રધ્ધાથી જોવાયો નથી અને હંમેશા શંકાના ઘેરામાં રહેતો સબંધ ગણાય છે. સાસુ-વહુ એટલે કલેશ એવું વણલખ્યું વિધાન જાણે સહુએ સ્વીકારી લીધું છે. અને જેના કારણે આ સંબંધ મજાકનું પણ સાધન બનવા પામ્યો છે. જો કે સત્ય હકીકત તો એ છે કે સમાજમાં ઘણી સાસુ-વહુની જોડીઓ એવી છે જે એકબીજાનો પર્યાય બની સાચા સંબંધથી માત્ર પોતાની જ નહી પરંતુ સમગ્ર કુટુંબની જીંદગીઓને સજાવતી રહી છે. ગાંધીનગરમાં પણ આવી જ એક સાસુ વહુની જોડી એકબીજાને પૂરક બની જીવનની કઠીન કેડીઓ પરની કાંટાળી મુશ્કેલીઓ પર પ્રેમનું સ્મિત વરસાવી રહી છે.

ગાંધીનગરના સે-૮માં એક સરકારી અધિકારી દંપતિ તેમના ખાનગી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત યુવાન પુત્ર અને સુશિક્ષિત સંસ્કારી શિક્ષિકા પુત્રવધુ સાથે આઠેક માસના વ્હાલસોયા પૌત્ર સાથેના કિલ્લોલ કરતા પરીવાર સાથે આનંદમય જીવન જીવી રહ્યાં છે. જો કે કુદરતના મનમાં કંઈક અલગ જ રમી રહ્યું હતું. પોતાના સ્વપ્રના ઘરને વધુ સુંદર બનાવવા પરિવારે વર્ષ ૧૯૯૬માં મકાનનું રિનોવેશન કાર્ય હાથ ધર્યું હતું અને આ કાર્ય માટે રાજસ્થાનથી માર્બલ મંગાવ્યો હતો. આ માર્બલની ભારેખમ પ્લેટ ભરેલ ટેમ્પો જયારે ઘરના આંગણે પાર્ક થઈ રહ્યો હતો ત્યારે એક મજૂરને બચાવવા ડ્રાયવરે ટેમ્પોની દિશા બદલી. પરંતુ ટેમ્પોની બીજી તરફ આ પરિવારનો યુવાન પુત્ર ઉભો હતો તે ડ્રાયવરના ધ્યાન બહાર રહેતાં માર્બલની પ્લેટ તેના શરીરે ટકરાઈ અને તેને શરીરમાં ગંભીર આંતરિક ઈજા પહોંચી ગણતરીના સમયમાં શરીરમાં લીવર ફાટી જવાથી તેનું કરૂણ મોત નીપજયું અને હસતા રમતા પરીવાર પર જાણે આફત આવી પડી. આ ગોઝારી ઘટનાએ સમગ્ર પરિવારને હચમચાવી નાંખ્યું. એક તરફ નાનકડો પૌત્ર જે વારે ઘડીએ 'પપ્પા કયારે આવશે?' જેવા અણિયાળા સવાલો પૂછે અને બીજી તરફ યુવાન પુત્રવધુ જેના લગ્ન થયે માંડ બે વરસ વીત્યાં હતા તેને વિધવા સ્વરૂપે જોવાની. દંપતિએ પોતાના વ્હાલ સોયા પુત્રને ગુમાવ્યાનું દુઃખ હૃદયમાં ધરબી પુત્રવધુ તથા પૌત્રને સંભાળવાનું મુનાસિબ માન્યું. થોડોક સમય પસાર થતા સાસુએ વહુના હાથમાં મંગળસુત્ર મુકી બીજા લગ્ન કરી તેને જીંદગી નવેસરથી શરૂ કરવા સલાહ આપી. પોતાની અનુભવ નિચોડ પરિપકવતાનો પરિચય આપ્યો એટલું નહી પરંતુ આ માટે તેના મા-બાપ બની કન્યાદાન સુધ્ધાં કરવાની તૈયારી પણ દર્શાવી. પુત્રવધુએ કહ્યું કે જો મારા નસીબમાં દાંપત્યજીવન લખ્યું હોત તો મારી સાથે આ ઘટના બની જ ના હોત, માટે હવે તો તમે જ મારી જીંદગી છો. બસ પછી તો સમય વીતવા લાગ્યો અને સાસુ-સસરા-વહુની ત્રિપુટી પૌત્રને ઉછેરવામાં મગ્ન બની દુઃખને ભુલવા લાગી.



(તસ્વીર : કશ્યપ નિમાવત)

પૌત્ર પણ દાદાને જ પિતા માની મોટો થવા લાગ્યો. તેની તમામ ઈચ્છાઓ પુરી કરવી તે દાદાની અગ્રિમતા બની ગઈ. તેને કાર ખૂબ ગમતી તો નવી કાર ખરીદી દાદા ૬૫ વર્ષે ડ્રાઈવીંગ શીખ્યા. દાદા-દાદી બંને નેશનલ સ્વીમર્સ હતા એટલે પૌત્રને પણ સ્વીમીંગ શીખવા લઈ જવા લાગ્યાં. ફરી કાળે પંજો ઉગામ્યો અને વર્ષ ૨૦૦૨માં પૌત્રને સ્વીમીંગ શીખવાડી રહેલા દાદાને સ્વીમીંગ પુલમાં જ હાર્ટ એટેક આવ્યો અને તેમણે પરધામની વાટ પકડી. ફરી એકવાર માંડ બેઠો થયેલ પરિવાર હચમચી ગયો. એવું કહેવાય છે કે જયારે કુદરત તમારી કસોટી કરે ત્યારે તેમાંથી પાર પડવાનું ગજુ પણ તેણે આપ્યું જ હોય છે, માત્ર તમારે એને બહાર કાઢવું પડે. સાસુ-વહુએ સમયની થપાટો સામે એવું ગજુ કાઢયું કે સર્વ દુઃખ તેમની આગળ વામણા પડવા લાગ્યાં. આજે આ બેલડી ચૌદ ચૌદ વર્ષથી એકમેકનો પડછાયો બની કાળના ઘા ઓગળી ચુકયાં છે. આજે તેમનો પૌત્ર સોહામણો અને પ્રતિભાશાળી યુવાન બની હેદ્રાબાદ ખાતે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યો છે. ચૌદ વર્ષના વ્હાણામાં સાસુ સરકારી અધિકારી પદેથી નિવૃત્ત થઈ ગયા છે અને શિક્ષિકા પુત્રવધુએ પોતાની કારકિર્દીમાં એક પછી એક શિખરો સર કરતા પીએચડીની પદવી પણ હાંસલ કરી છે. અનેક એવોર્ડો અને ખિતાબો મેળવી સમાજમાં માનભર્યું સ્થાન માણી રહ્યાં છે. જો કે તેમના મતે તો તેમનો સાસુ સાથેનો સંબંધનો એવોર્ડ જ સૌથી મહત્વનો છે. આ ચૌદ વર્ષમાં સાસુ-વહુનો સંબંધ એટલી ઊંચાઈ પ્રાપ્ત કરી ચુકયો છે કે વહુની નોકરીના સમયને બાદ કરતા બંનેને એકબીજાથી અલગ જોવા શકય છે. વહુ કાર ચલાવે તો સાસુ બાજુમાં બેસે, ભજન કિર્તનમાં જવાનું હોય કે શાકભાજી ખરીદવા બંને સાથે જ હોય. સાસુ વહેલા ઉઠી આખુ છાપી વાંચી નાંખે અને પછી વહુને જણાવી દે કે આટલી કોલમ ફરજિયાત વાંચવી. એકબીજાના ચહેરા પરથી ઓળખી જાય કે સામેવાળો શું ઈચ્છે છે. સાસુની ઘુંટણની સર્જરી હોય કે દેશ વિદેશ ફરવા જવાનું, વહુ વગર એક પગલું ના ભરાય. જરાક વાર જો એકબીજાને ન જુએ તો બંને બેચેન બની જાય. બેંકમાં જવાનું હોય તો સાસુના હાથ ધ્રુજે પણ વહુ વ્હારે આવે. એક મોતી તો બીજુ દોરો બન્યું. હિંચકે બેસી નવરાશમાં બંને અંતાક્ષરી રમે જાણે આધુનિક યુગમાં ગંગાસતી અને પાનબાઈ જ જોઈ લ્યો. બંને પાછા જરૂરિયાતમંદોને છુપી મદદ કરી સમાજમાં કોઈને તેની ગંધ સુધ્ધા ના આવવા દે. માત્ર ઉદ્યમને જ સુખની ચાવી ગણી એકમેકમાં ખોવાયા રહેતા સાસુ વહુ અન્યો માટે પ્રેરણારૂપ બની ચૂકયાં છે. ગાંધીનગરના સે-૮માં રહેતા આ સાસુ સરલાબેન રાણા અને તેમના પુત્રવધુ લીનાબેન સ્વાદિયા રાણા આજે સાસુ-વહુની ઈર્ષાથી વગોવાતા સંબધને સન્માનભર્યું સ્થાન આપી રહ્યાં છે. તેમને જોઈને જોઈ સહુ કોઈ કહી ઉઠે છે કે આ તો સાસુ-વહુ છે કે મા-દિકરી??

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# હિટ એન્ડ રનના બે બનાવોમાં ત્રણનાં મૃત્યુ

**સરઢવ રોડ પર મોડી સાંજે અજાણ્યા વાહને એકટીવાને અડફેટે લેતા એકટીવામાં સવાર પતિ-પત્નિનું કરૂણ મૃત્યુ : ભાટ પાસે અજાણ્યા વાહનની અડફેટે આધેડનું મોત**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર આસપાસના બે અલગ અલગ સ્થળે હીટ એન્ડ રનના બનાવોમાં ત્રણ વ્યકિતઓના મૃત્યુ થયા હોવાનું ધ્યાને આવ્યું છે. કલોલના ધમાસણા વિસ્તારથી દંપતી ગાંધીનગરના એક દવાખાને આવ્યા બાદ ગઈ મોડી સાંજે પરત ફરી રહ્યા હતા ત્યારે સરઢવ રોડ પર અજાણ્યા વાહને પાછળથી ટકકર મારતા બંનેના કરૂણ મોત નિપજયા હતા. તો બીજી તરફ ભાટ પાસે અજાણ્યા વાહનની અડફેટે આધેડનું મૃત્યુ નિપજયું છે. બંને અકસ્માતના બનાવો બાદ વાહન સાથે ચાલકો ફરાર થઈ ગયા હતાં. પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત ધમાસણા ખાતે રહેતા મંગાભાઈ ભગાભાઈ પટેલ તેમની પત્નિ અલ્કાબેનને લઈને ગાંધીનગર ખાતે આંખના ડોકટરને બતાવવા આવ્યા હતા. મોડી સાંજે એકટીવા પર ઘરે જવા પરત ફરી રહ્યા હતા ત્યારે સરઢવ-ધમાસણા રોડ પર નારાયણ ફાર્મ પાસે તેમના એકટીવાને પાથળથી બેફામ સ્પીડે આવતા અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા બંનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે હીટ અન્ડ રનનો ગુનો નોંધી પીએસઆઈ ડી.બી. વાળાએ તપાસ શરૂ કરી છે તો બીજી તરફ ૨૧ જાન્યુઆરી સવારે કનોરીયા હોસ્પિટલ ભાટ સામે આશરે ૪૫ થી ૫૦ વર્ષના અજાણ્યા આધેડને અજાણ્યા વાહને અડફેટે લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા આજે અજાણ્યા આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. અડાલજ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે હીટ એન્ડ રનનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન પરસોત્તમસિંહ પરમાર, ઉ.વ.૭૪
- સ્વ. મોંઘીબેન જીણાભાઈ ચપલા, ઉ.વ. ૯૫
- સ્વ. પ્રહલાદભાઈ કોદરભાઈ દંતાણી, ઉ.વ. ૬૦
- સ્વ. કમલેશભાઈ રમણભાઈ ચૌધરી, ઉ.વ. ૪૨
- સ્વ. હર્ષદભાઈ ઈશ્વરભાઈ ચાવડા, ઉ.વ. ૫૧